બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૧૦ જુલાઈ, ૨૦૧૧)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્નશરૂ થાય તે પહેલાં જ કરવી.

(વિભાગ - ૧ : સહજાનંદ ચરિત્ર, તેરમી આવૃત્તિ, માર્ચ - ૨૦૧૦)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''રૂપિયા તો ભગવાને આપ્યા છે, ભગવાનના છે. માટે ભગવાન માગે છે તો આપી દો.'' (૨૧/૧૧૨)
➪ લાલદાસના પત્ની - લાલદાસને ➪ મહારાજને રૂપિયા આપવા માટે લાલદાસે પત્નીને પૂછ્યું ત્યારે.

૨. ''આ સાધુ અમારા જેવા જ છે. માટે એમનાં દર્શન, સેવા, સમાગમ કરજો.'' (૨૭/૧૩૯)
➪ મહારાજ - જૂનાગઢના નવાબને ➪ મહારાજે જૂનાગઢમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી ત્યારે નવાબે મહારાજને કહ્યું : 'આપે આવું મોટું મંદિર બાંધ્યું છે તો આપ અથવા આપના જેવા ફકીરને અહીં રાખજો.' તેના પ્રત્યુત્તરમાં મહારાજ કહે છે.

૩. ''સ્વામિનારાયણે ઘણું સુંદર કાર્ય કર્યું છે.'' (૨૪/૧૨૪) ➪ વિલિયમ્સન - બિશપ હેબરને
➪ ખ્રિસ્તી ધર્મ પ્રચાર મિશનના વડા રેવરંડ બિશપ હેબર ફરતાં ફરતાં ગુજરાતમાં આવ્યા ત્યારે વડોદરાના કલેક્ટર વિલિયમ્સને બિશપ હેબરને શ્રીજીમહારાજે કરેલ સમાજસુધારાના અને ધર્મસુધારાના કાર્યનો મહિમા કહેતાં કહે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. હરિભક્તોએ સંતોને ખટરસ મુકાવી દેવા મહારાજને પ્રાર્થના કરી. (૧૨/૮૧-૮૨)
જ. દુષ્કાળમાં મહારાજે સંતોને ખટરસના વર્તમાન આપ્યા હોવાથી સંતોના શરીર સુકાઈ ગયાં હતાં. રસકસ વગરનું ખાવાથી કેટલાક સંતો રતાંધળા થઈ ગયા હતા. સંતોના આવા કૃશ દેહ જોઈને હરિભક્તોએ મહારાજને સંતોના ખટરસ મુકાવી દેવા માટે પ્રાર્થના કરી.

૨. શ્રીજીમહારાજે વરતાલને દ્વારિકા જેવું તીર્થસ્થાન બનાવવાનો સંકલ્પ કર્યો. (૨૪/૧૨૬-૧૨૭)
જ. બીજી બધી યાત્રા કર્યા પછી જો દ્વારિકાની યાત્રા ન કરે તો બધી યાત્રા અધૂરી ગણાતી. પરંતુ દ્વારિકાની યાત્રામાં કષ્ટ બહુ હતું. માર્ગમાં ચોર-લૂંટારાનો ભય હતો. બાવા, વૈરાગીઓનો ત્રાસ હતો. ગૂગળીઓનો (બ્રાહ્મણો) સોનામહોર લીધા વિના તપ્તમુદ્રા આપતા નહિ. પૈસા ન આપનારને તેઓ બહુ ત્રાસ આપતા. આવો કડવો અનુભવ સચ્ચિદાનંદ સ્વામીને પણ થયો. તેથી શ્રીજીમહારાજે વરતાલને દ્વારિકા જેવું તીર્થસ્થાન બનાવવાનો સંકલ્પ કર્યો.

૩. શ્રીજીમહારાજ સોનબાઈની તૈયાર રસોઈ જમી ગયા. (૧૪/૮૫)
જ. ગરીબ સોનબાઈએ મહારાજ અને સંતોને ઘેર જમવાનું આમંત્રણ આપ્યું. આ વાતની ગંગાબાને ખબર પડતાં તેણે સોનબાઈને કહ્યું : 'તારાં દાળ-ચોખા હલકાં છે. તો તું સાધુઓને જમાડ. મહારાજનો થાળ હું લાવીશ. સોનબાઈને દુઃખી જોઈને મહારાજે પૂછ્યું ત્યારે સોનબાઈએ બધી જ હકીકત જણાવી. ત્યારે મહારાજે કહ્યું તમારા ઘરમાં જે રસોઈ તૈયાર હોય તે લાવો. સોનબાઈના ઘરમાં જે તૈયાર રસોઈ હતી તે શ્રીજીમહારાજ જમી ગયા.

**પ્ર.૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. સુંદરજી સુતારની પરીક્ષા (૩/૨૩)** પોતાના રાજાના દીકરાની જાન લઈને જતાં સુંદરજીને ગોંડલમાં ખબર પડી કે મહારાજ બંધિયા બિરાજે છે. જાનને ગોંડલ રોકી સુંદરજી મહારાજ પાસે બંધિયા મૂળુભાઈના ઘેર જઈ ઘૂંટણભેર નમી મહારાજને પગે લાગ્યા. મહારાજે પૂછ્યું કોણ આવ્યું ? સુંદરજીએ કહ્યું, ''આપનો દાસ આવ્યો.'' ત્યારે મહારાજે દાસનું લક્ષણ પૂછ્યું. સુંદરજીએ કહ્યું, ''કહે તેમ કરે તે દાસ.'' મહારાજે કહ્યું તો હમણાં ને હમણાં માથું અને મૂછ મૂંડાવીને સાધુ થાવ અને જાવ કાશીએ. ખરા શૂરવીર સુંદરજીએ તરત જ સાધુનો વેશ ધારણ કરી મહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજ ડોસાભાઈને કહે : તમને રામાનંદ સ્વામીએ કાશીની યાત્રાએ જવાનું કહ્યું હતું. માટે હમણાંને હમણાં અડવાણે પગે સુંદરજીની સાથે કાશીની જાત્રાએ જાઓ. પછી

મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યુંઃ 'અમે કેવાં કામ કર્યાં ?' દીવાનને સાધુ કર્યા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું, ''આનાથી કચ્છ દેશમાં ઉપાધિ વધશે. આપણે ઊતરવાનું અને સત્સંગ કરાવવાનું એક જ સ્થાન હતું તે બેસવાની ડાળી કપાઈ ગઈ.'' તેથી મહારાજે સુંદરજીને પાછા બોલાવી ગૃહસ્થનાં કપડાં પહેરાવી પાછા જવાની આજ્ઞા કરી. મહારાજે રાજી થઈને તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. આ પ્રસંગથી સુંદરજીમાં અહંકાર આવતાં જતી વખતે તેમણે મહારાજને કહ્યું : 'મહારાજ ! આવી પરીક્ષા મારી ભલે લીધી. બીજા કોઈની લેશો નહિ.' મહારાજ કાંઈ બોલ્યા નહિ. તેમણે સુંદરજીને રજા આપી. સુંદરજી જ્યારે ગોંડલ આવ્યા ત્યારે જાનૈયાઓએ માથું-મૂછ મુંડાવેલા જોઈ પ્રશ્ન કર્યો ત્યારે સુંદરજીએ કહ્યું, ''કુળદેવતાના દર્શન કરી કુંવરનું લગ્ન નિર્વિઘ્ને પતે તે માટે અને પાપ નામે પિતરાઈનું સૂતક ઉતરાવવાની માનતા રાખેલી તે પૂરી કરી.''

**૨. સહજાનંદી થવું (૧૯/૧૦૨)** સમગ્ર ત્યાગી વર્ગ બાર સદ્‌ગુરુમાં વહેંચાઈ ગયો. હવે આ સાધુઓ પોતપોતાના સદ્‌ગુરુઓની છત્રછાયામાં રહી મહારાજની આજ્ઞા પાળવા લાગ્યા. પણ આમાં એક દૂષણ પેઠું. કેટલાક સાધુઓ પોતપોતાને 'મુક્તાનંદી', 'બ્રહ્માનંદી' એમ ઓળખાવવા લાગ્યા. આ મુક્તાનંદી છે અને પેલો બ્રહ્માનંદી તેવા ભેદ પાડવા લાગ્યા. આ દૂષણ વધારે ન ફેલાય તે માટે મહારાજે સુંદર ઉપાય શોધી કાઢ્યો. મહારાજે સમૈયામાં ત્યાગીઓની સભા ભરી દરેકને વારાફરતી પૂછવા માંડ્યા, 'તમે કોના શિષ્ય ?' તેથી સૌએ પોતપોતાના સદ્‌ગુરુનાં નામ આપ્યાં. મહારાજે તરત જ ટકોર કરી : 'એટલે 'સહજાનંદી' કોઈ નહિ ને ?' સૌ સાધુઓની આંખ ઊઘડી ગઈ. સૌ બોલી ઊઠ્યા : ના મહારાજ ! અમે બધા આપની આજ્ઞાએ સદ્‌ગુરુઓના મંડળમાં છીએ. અમે સૌ 'સહજાનંદી' જ છીએ. પછી સાધુઓની ફેરબદલી કરવી શરૂ કરી. મહારાજે તે દિવસે સાધુઓનાં નવાં મંડળો બાંધ્યા. બારેય સદ્‌ગુરુઓના હાથ નીચેના સાધુઓ બદલાયા.

**૩. કૃપાસાધ્ય શ્રીજીમહારાજ (૯/૬૦)** અંજારમાં હરભમજી સુથાર અને બીજા કેટલાક હરિભક્તો અઠ્ઠાવીસ ગાઉ ચાલી મહારાજ પાસે આવ્યા. મહારાજને 'જય સ્વામિનારાયણ' કહ્યા. મહારાજ મોં ફેરવી ગયા ને ખબર અંતર પણ ન પૂછ્યા. આથી હરિભક્તોને વિચાર આવ્યો, કેટલી બધી અગવડ વેઠીને પંદર દિવસે માંડ મહારાજ પાસે પહોંચ્યા. મહારાજે ખબર પૂછ્યા વિના ઊલટાનું મોઢું ફેરવી ગયા. હરિભક્તોએ મહારાજને કહ્યું, 'દયા રાખો અમારા દાખડા સામું જુઓ.' ત્યારે મહારાજે કહ્યું તમારો શું દાખડો છે ? કાંઈ નહિ. પ્રકૃતિ પુરુષ અને આઠ આવરણથી પર અક્ષરધામ છે. ત્યાંથી લાખ મણ લોઢાનો ગોળો પડતો મેલીએ તો વાયુના લહેરકે ઘસાતો અહીં આવતાં રજ ભેળો રજ થઈ જાય. આટલે દૂરથી કેવળ કરુણાએ કરીને તમારું કલ્યાણ કરવા હું અહીં આવ્યો છું. તમારા જેવો થઈ ગયો છું. તમારી સેવા અંગીકાર કરું છું. મોટા ઋષિમુનિઓ જેમણે હજારો અને લાખો વર્ષ તપ કર્યાં, તોય તેમના ધ્યાનમાં હું ન આવ્યો અને તમને નયનગોચર થયો છું. શું આ કાંઈ ઓછી કૃપા છે ? આ સાંભળી હરિભક્તોને પોતાની અગવડો ભુલાઈ ગઈ. પોતાની ભૂલ સમજાઈ. તેમની અંતરની આંખ ઊઘડી. મહારાજનો મહિમા સમજાયો. પછી મહારાજે સભામાં કહ્યું : 'તમારાં એવાં શું સાધન છે કે અમે રીઝી જઈએ અને આ પૃથ્વી પર આવીએ ? આજે તો અમે કેવળ દયાએ કરીને આ પૃથ્વી પર પધાર્યા છીએ. પૂર્વે અવતારાદિક થયા તેમણે તેમના યોગમાં જે જે મુમુક્ષુ જીવો આવ્યા તેમનું કલ્યાણ કર્યું છે. આજે તો અમે દૈવી કે આસુરી, મુમુક્ષુ કે સામાન્ય જીવ એવો ભેદ પાડ્યો જ નથી. સૌનું કલ્યાણ કર્યું છે. કોઈના જીવ સામું કે સ્વભાવ સામું જોયું નથી. કેવળ દયા કરીને દર્શન, સ્પર્શ, પ્રસાદી, વાતો, મળવું વગેરે અનંત સુખ હું આપું છું. આમ, હું તમને કૃપાસાધ્ય થયો છું. માટે પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રગટ હોય ત્યારે સાધનાનું કે ક્રિયાનું બળ લેવું નહિ.' હરિભક્તો અને સાધુઓ સર્વે સમજી ગયા. તેમને પ્રાપ્તિની મહત્તા સમજાઈ ગઈ. તેમણે કહ્યું : 'મહારાજ ! આ વારે તો આપે અતિશય મહેર કરી અતિ અપાર પ્રેમ બતાવ્યો છે. અમને સર્વોપરી પ્રાપ્તિ થઈ છે. હવે આપની આજ્ઞા પાળીને આપને પ્રસન્ન કરવા સિવાય કાંઈ કરવાનું બાકી રહ્યું નથી. અમે જીવો અલ્પજ્ઞ છીએ. અમારી ભૂલો જોશો નહિ. આપને રાજી કરતાં આવડે એવું બળ આપજો.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)** **☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. વરતાલના સમૈયે જતાં શ્રીજીમહારાજે કોનું વ્યસન મુકાવ્યું ? (૫/૩૪)

જ. વરતાલના સમૈયે જતાં શ્રીજીમહારાજે મૂળુખાચરનું વ્યસન મુકાવ્યું.

૨. શ્રીજીમહારાજે પોતાના પ્રાગટ્યના છ હેતુઓ કોને અને ક્યાં કહ્યા ? (૨૦/૧૦૩)

જ. શ્રીજીમહારાજે પોતાના પ્રાગટ્યના છ હેતુઓ ગોપાળાનંદ સ્વામીને કારિયાણીમાં કહ્યા.

૩. 'અજેન યજેત્'નો સાચો અર્થ શ્રીજીમહારાજે શું કર્યો ? (૭/૪૪)

જ. 'અજ' એટલે ચાર પાંચ વર્ષની જૂની, ન ઊગે તેવી, ડાંગર હોમીને યજ્ઞ કરવો.

૪. શ્રીજીમહારાજે તેજા ભક્તને શું આશીર્વાદ આપ્યા ? (૨૫/૧૩૩)

જ. 'જાઓ, બ્રાહ્મણોના જેવી પંડિતાઈ અને સદ્‌ગુણો તમારામાં આવશે, બ્રાહ્મણો શરમાઈ જાય તેવાં વિશુદ્ધ તમારાં વર્તન થશે.

૫. વરજાંગ જાળિયામાં મહારાજે કેવી રીતે નહાવાની વાત કરી ? (૧૩/૮૩)

જ. અમને ટાઢે પાણીએ એટલું બધું નવરાવો કે પાણીનો રેલો અહીંથી છેક વેણુ નદીમાં જાય તો અમે સાજા થઈશું.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧. ૧, ૩, ૪ (૭/૪૧-૪૨)　　　　૨. ૨, ૪ (૧૦/૬૪)**

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

**૧.** ડનલોપ સાહેબ (૧૭/૯૫)　**૨.** નિષ્કુળાનંદ સ્વામી (૯/૫૯)　**૩.** નિષ્કામ (૧૫/૮૯)　**૪.** ભીમ પંડ્યા (૧૧/૭૧)

**(વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨ - આઠમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૭)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. સ્વામિનારાયણના ફકીર પ્રેમાનંદને સાંભળ્યા પછી હું બીજા કોઈને હવે સાંભળતો નથી. (૨/૧૪)

➩ જૂનાગઢના નવાબ - (ગ્વાલિયરના) ગવૈયાઓને

➩ ગ્વાલિયરના ગવૈયાઓ જૂનાગઢના નવાબને પોતાનું સંગીત સંભળાવવા આવ્યા ત્યારે

૨. ''માટે તમે ત્યાગી થાઓ તો બ્રહ્મચારી કરીએ.'' (૮/૬૨) ➩ ગુણાતીતાનંદ સ્વામી - ઈન્દ્રજીભાઈને

➩ કરસનજીભાઈ સ્વામીના સમાગમમાં આવ્યા પછી એક વખત સ્વામીએ તેમના પિતા ઈન્દ્રજીભાઈને કહે છે કે જૂનાગઢમાં બ્રહ્મચારી નાના છે તો તમે ત્યાગી થાઓ.

૩. ''આપનું ભજન કરે તેને કેમ મરાય ?'' (૫/૩૭-૩૮) ➩ દાદાખાચર - મહારાજને

➩ દરબારમાંથી ચોવીસો રૂપિયાની ચોરી કરીને ગયેલી બાઈ જ્યારે પાછી આવી અને રૂપિયા દરબારમાં આપ્યા. આ વાતની મહારાજને ખબર પડી ત્યારે મહારાજ દાદાખાચરને તે બાઈનું માથું કાપી નાખવાનું કહે છે ત્યારે

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. શ્રીજીમહારાજે કહ્યું, ''દાદો તે દાદો! આવો બીજે ન મળે.'' (૫/૩૪)

જ. મહારાજે ફરીથી દાદાખાચરને વાત કરી ત્યારે દાદાખાચરે કહ્યું આપણો દરબાર સાધુઓને ઉતારા માટે આપીએ ત્યારે મહારાજે પૂછયું 'દરબારમાં સાધુઓને ઉતારશો તો તમે ક્યાં રહેશો ? ત્યારે દાદાખાચરે મહારાજને કહ્યું, 'અમે તો નદીકિનારે, ઓઘામાં ક્યાંક પડ્યા રહેશું પણ આવા ભગવાનના ભક્તને દુઃખમાં રખાય ? આવું સાંભળતા જ મહારાજ બોલી ઊઠ્યા 'દાદો તે દાદો, આવો બીજે ન મળે.'

૨. જાગા સ્વામીને અક્ષર-પુરુષોત્તમની મૂર્તિઓ જોટે બેસી હોય તેવો આનંદ થયો. (૭/૫૫-૫૬)

જ. આચાર્ય મહારાજે જ્યારે મંદિર કરવાની ના પાડી ત્યારે જાગા ભક્તે શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'તું ન કરે ?' ત્યારે શાસ્ત્રી મહારાજે કહ્યું કે અમારે તો એક પત્તુ જોઈતું હોય તો કોઠારી હજારો પ્રશ્નો પૂછે. ત્યારે જાગા સ્વામી બોલ્યા કે તમે સંકલ્પ જેટલા કરો તેટલા અમારે સિદ્ધ કરવા માટે તમે સંકલ્પ કરો કે મારે કરવું છે. આ સાંભળી શાસ્ત્રીજી મહારાજે હા પાડી ત્યારે જાગા સ્વામીને જોટે મૂર્તિ બેસી ગઈ હોય તેવો આનંદ થયો.

**પ્ર.૯** 'શ્રીજીમહારાજ ઉપર પ્રેમાનંદ સ્વામીની ગાનકળાનો જાદુ' (૨/૧૩) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**(૧)** એક વખત સભામાં એક દેવીભક્તે મહારાજ પાસે આવીને માતાજીનો ગરબો ગાયો. ત્યારે મહારાજે સંતોને કહ્યું કે આ કવિને દેવી ઉપર કેવી આસ્થા છે ! તે સાંભળી પ્રેમાનંદ સ્વામીએ તરત ઊભા થઈ મહારાજની મૂર્તિ નીરખતાં ગાવા માંડ્યું. ''વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ,' 'જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ.' આ પદ સાંભળતાં મહારાજ સ્વંય ડોલવા લાગ્યા. પ્રેમાનંદ સ્વામીની ભક્તિથી પ્રસન્ન થઈ મહારાજ બોલી ઊઠ્યા. બહુ સારાં કીર્તનો ગાયાં. આ કીર્તનોને સાંભળઈને તો અમારા મનમાં એમ વિચાર થયો છે, આવી રીતે જેને ભગવાનની મૂર્તિનુ ચિંતવન હોય એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ. આવી મહારાજ પ્રત્યે પ્રેમલક્ષણા ભકિત હતી. **(૨)** વળી એક સમયે શિયાળાની મોડી રાતે પ્રેમાનંદ સ્વામી પોતાની સારંગી લઈને મહારાજના કિર્તનો ગાતા હતા. તેના શબ્દો મહારાજની અક્ષર ઓરડી સુધી પહોંચ્યા. મહારાજના મહિમા તથા ભક્તિરસથી ભરપૂર સૂર સાંભળતા મહારાજ કડકડતી ઠંડીમાં ઊઠીને ધીરે પગલે ચાલી તેમની પાછળ આવીને ઉભા રહી ગયા અને એકચિત્તે સાંભળવા લાગ્યા. પ્રભાત થતાં પ્રેમાનંદ સ્વામીએ સરોદો મૂકી ગાવાનું બંધ કર્યું. ત્યાં તો મહારાજનો પ્રેમાળ સ્વર સંભળાયો. તેઓ એકદમ પાછળ ફરી મહારાજનાં ચરણોમાં પડી ગયાં. આમ પ્રેમાનંદ સ્વામીના ગાનને વશ થઈને શ્રીજી મહારાજ રાત આખી ઉભા રહ્યા. આવાં પ્રેમાનંદ સ્વામીને વશ શ્રીજીમહારાજ હતા.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)** **☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ગુણાતીતાનંદ સ્વામીની વિષયખંડન તથા સ્વરૂપનિષ્ઠાની વાતો સાંભળી નિત્યાનંદ સ્વામી શું કહેતા ? (૧/૭)

જ. નિષ્કુળાનંદ સ્વામી કીર્તનો રચી વિષયનાં મૂળિયાં કાપે છે અને ગુણાતીતાનંદ સ્વામી વાતોએ કરીને કાપે છે. તેમને શાસ્ત્રની તંતી આડી આવતી નથી.

૨. શ્રીજીમહારાજના અગ્નિદાહ વખતે અગ્નિમાં પડવા કોણ તૈયાર થયું ? (૫/૩૯)

જ. શ્રીજીમહારાજના અગ્નિદાહ વખતે દાદાખાચર અગ્નિમાં પડવા તૈયાર થયા.

૩. મૂળજી બ્રહ્મચારીના જીવનમાંથી કઈ બે વસ્તુ આપણે કેળવવાની છે ? (૩/૨૬)

જ. મૂળજી બ્રહ્મચારીના જીવનમાંથી તેમના જેવી સેવાભક્તિ તથા નિર્દોષબુદ્ધિ આપણે કેળવવાની છે.

૪. ગુણાતીતાનંદ સ્વામીએ જાગા ભક્તને મહારાજની મૂર્તિના કયા ચાર સુખ આપ્યા ? (૭/૫૩)

જ. ગુણાતીતાનંદ સ્વામીએ જાગા ભક્તને દર્શન, પ્રસાદી, વાતું અને મળવું આ ચાર પ્રકારે સુખ આપ્યું.

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : લાડુબાની સેવાભાવના (૬/૪૨)**

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | ૨ | ૫ | ૬ | ૮ | ૧૦ | ૧૨ |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | ૮ | ૨ | ૧૦ | ૬ | ૧૨ | ૫ |

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરોઃ જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમઃ ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સ્વામી જાગા ભક્ત :** આ શાસ્ત્રીને જાગા ભક્તને વિષે કદાચ મહાત્માપણાની પ્રતીતિ આવવી મુશ્કેલ છે. તેથી તેઓ તેમને પ્રથમ મોટા સદ્‌ગુરુઓ પાસે લઈ ગયા. (૭/૫૬)

૨. **મુકુંદાનંદ વર્ણી (મૂળજી બ્રહ્મચારી) :** બીજે દિવસે મૂળજી બ્રહ્મચારી અક્ષર ઓરડીમાં દર્શન કરવા ગયા. ત્યાં મહારાજને પલંગમાં પોઢેલા જોયા. નિત્ય નિયમ પ્રમાણે મહારાજને તેમણે જગાડ્યા. (૩/૨૫)

૩. **શ્રી કૃષ્ણજી અદા :** રોટલાથી ઢાંકેલો ત્રાંબાનો ત્રાસ લઈને તેઓ સ્વામી પાસે આવ્યા. સ્વામીએ રોટલા નીચે લાડુ જોઈને મીઠો ઠપકો આપ્યો. ત્યારબાદ હરગોવિંદદાસજીએ પીરસવાનું શરૂ કર્યું. (૮/૬૩)

૪. **પ્રેમસખી પ્રેમાનંદ :** આ પુત્ર તેના પિતાનો નથી. માટે માતા પુત્રનો ત્યાગ કરી દે અથવા તેને મારી નાખે, પણ અમારા કુટુંબમાં આ પુત્રને અમે રાખી શકીશું નહિ. માતાને ખૂબ દુઃખ થયું. (૨/૯)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. જીવનઘડતરનો પાયો - સદ્‌વાંચન : (૧)** વાંચનથી વિકાસ થાય - પરંતુ સદ્‌વાંચનથી તો જીવનઘડતર થાય. **(૨)** સદ્‌વાંચનથી પ્રેરણા - ઈષ્ટદેવના ગુરુપરંપરાના જીવનચરિત્રોના પ્રસંગોમાંથી પ્રેરણા (પ્રસંગો) **(૩)** સદ્‌વાંચન - સાંપ્રદાયિક વાંચન દ્વારા પ્રકૃતિનું રૂપાંતર - વચનામૃત, સ્વામીની વાતો, ઉપદેશ ગ્રંથો વગેરેમાં પંચવિષયનું ખંડન કરતી વાતો, સ્વભાવ, દોષો-પ્રકૃતિ ટાળવા માટેની પ્રેરણા - સ્વભાવ, અવગુણ ઓળખાય તેથી તે ટાળવાની જાગૃતિ આવે. (પ્રસંગો) **(૪)** સદ્‌વાંચનથી સમસ્યાઓનું સમાધાન થાય - શાંતિ મળે - સ્વરૂપાનંદ સ્વામી, વિનાયકરાવ ત્રિવેદી વગેરે તેમજ અન્ય પ્રસંગો લઈ શકાય. **(૫)** સત્સંગ સાહિત્ય વાંચન - સદ્‌વાંચનથી પ્રાપ્તિની પ્રતીતિ આવે - સત્સંગ માટે, ગુરુ માટે, સંસ્થા માટે, ઈષ્ટદેવ માટેની અસ્મિતા જાગે - કોઈપણ પ્રકારની સેવા કે નિયમધર્મ પાળવાનું બળ મળે. (પ્રસંગો લખવા) **(૬)** સદ્‌વાંચન વિષે સંતો, મહાત્માઓ, અગ્રણી મહાનુભાવો, ગુરુપરંપરા તથા ભગવાન સ્વામિનારાયણના વિધાનો. **(૭)** સ્વામીશ્રીનો સદ્‌વાંચન-સાંપ્રદાયિક વાંચન માટે આગ્રહ - એક વચનામૃત અને પાંચ સ્વામીની વાત તો ક્યારેય વાંચ્યા વગર દિવસ ન જવો જોઈએ તેવો આગ્રહ - ફક્ત ૧૫ જ મિનિટના નિયમિત વાંચનથી કેટલાય સદ્‌ગ્રંથો, જીવનચરિત્રોનું વાંચન વર્ષ દરમ્યાન પૂર્ણ કરી શકાય અને પ્રેરણા મળે - જીવનઘડતર થાય. આ ઘડતર નરી આંખે તથા સૂક્ષ્મરૂપે પણ થતું દેખાય છે. સદ્‌વાંચનથી જીવનઘડતર થયું હોય તેવા પ્રસંગો - સ્વામીશ્રી સ્વયં જ્યારે પણ સમય મળે ત્યારે સદ્‌વાંચન કરે છે અથવા સાંભળે છે. - ઉપસંહાર.

**૨. સ્વસ્થ સમાજના પોષક - સ્વામિનારાયણીય સંતો :** (૧) ગુજરાતમાં વર્તમાનકાળે સુખ, સમૃદ્ધિ અને શાંતિનો યશ ૨૦૦ વર્ષ પૂર્વે ભગવાન સ્વામિનારાયણ અને તેમના સંતોએ રોપેલા બીજને કારણે છે. (૨) શ્રીજીમહારાજના સંતો ઈષ્ટદેવને સમર્પિત સંતો. ઈષ્ટદેવ પ્રત્યેની ભક્તિ, મહિમા, આજ્ઞાપાલનની તત્પરતા - મહારાજના વચને મુમુક્ષુ જીવોને સત્સંગમાં, ભગવાનમાં જોડવા માટે કઠિન વિચરણ - અનેક કષ્ટો વેઠીને, પગે ચાલીને પણ મહારાજના મહિમાનો પ્રચાર (પ્રસંગો લખવા) (૩) સંતોના વર્તનની સમાજના લોકો પર અમીટ છાપ - નિર્માની સંતો - માર ખાઈને, દુ:ખ વેઠીને મણિ જેવા શુદ્ધ કંચન જેવા ઉજળા સંતો તૈયાર થયા - ૧૧૪ પ્રકરણોમાંથી પસાર (પ્રસંગો) - 'વર્તન વાતો કરશે' (શ્રીજીમહારાજ) સંતોના વર્તનની સમાજ પર ગાઢ અસર - મહારાજના અણમોલ રત્નો સમા સંતો (દરેક સંતોની વિશેષતાના પ્રસંગો લખી શકાય) (૪) પંચવર્તમાને યુક્ત, ત્યાગ-વૈરાગ્ય, સહનશીલતા, વિદ્વતા, સેવામાં અજોડ સંતો - સમાજમાં જ્યાં જ્યાં વિચરે ત્યાં મુમુક્ષુ જીવો સત્સંગી થઈ જ જાય. (પ્રસંગો) (૫) સામર્થી - એક એક સંત એક એક બ્રહ્માંડને લઈને ઉડી જાય તેવા સમર્થ - છતાં શ્રીજીમહારાજના દાસ - દાસત્વપણું એ સંતોની આગવી વિશેષતા - જુદા જુદા સંતોની સામર્થીના પ્રસંગો, સંતોની વિદ્વતા, વર્તન વગેરે જોઈને પરધર્મી (અંગ્રેજો, પારસી, મુસલમાન વગેરે) પર અસર. (પ્રસંગો) (૬) આટલા ટૂંકાગાળામાં (૨૮ વર્ષ) સ્વામિનારાયણ સંપ્રદાયનો અપ્રતિમ વિકાસ તેનું કારણ આવા સ્વામિનારાયણીય સંતો - સ્ત્રી-ધનના ત્યાગી સંતો બીજે ક્યાંય ન મળે તેવા અદ્વિતીય સંતો - માટે જ સ્વામિનારાયણીય સંતો માટે કહેવાયું છે કે સૂર્યમંડળની જેમ સૂર્યની (સહજાનંદરૂપ) આસપાસ સંતમંડળ શોભતું હતું. (૭) વર્તમાનકાળે B.A.P.S.ના પ્રમુખસ્વામી મહારાજના આવા જ ધન-સ્ત્રીના ત્યાગી સંતો મહારાજના જેવા જ ગુણોએ યુક્ત સંતો (પ્રસંગો) આ જ સંતો સ્વસ્થ સમાજના પોષક - ઉપસંહાર.

**૩. આદિવાસી ઉત્કર્ષનો આદર્શ - પ્રમુખસ્વામી મહારાજ :** (૧) કોઈપણ ઈમારતની બુલંદી તેનો પાયો - આદિવાસી એકતા ઉત્કર્ષનો પાયો પ્રમુખસ્વામી મહારાજ. (૨) ભગવાન સ્વામિનારાયણનો ધરમપુર તાલુકા દ્વારા ગુજરાતમાં પ્રવેશ - નીલકંઠવર્ણીની દિવ્ય દૃષ્ટિના પ્રભાવનું સ્વામીશ્રીના પુરુષાર્થથી આદિવાસીઓના ઉત્કર્ષમાં પરિણામ - સ્વામીશ્રીનું આદિવાસીઓને સંબોધન ઘણું બધું કહી જાય છે. - આદિવાસીઓનો અર્થ - સૌથી આદિ પરમાત્મા - તેમની સમીપ રહેનારા એ આદિવાસી - પરમાત્માની નજીક તેથી પરમાત્માની તમારા પર વિશેષ કૃપા. (૩) છેલ્લા ચાર દાયકાથી સ્વામીશ્રીનું આદિવાસીઓના વિસ્તારમાં વિચરણ - ઝૂંપડે - ઝૂંપડે જઈને અજવાળાં પાથર્યાં. (પ્રસંગો) પોતાના સ્વાસ્થ્યની પરવા કર્યા વિના આદિવાસીઓના સુખ સમૃદ્ધિની ઉન્નતિ - ઝૂંપડી કે કૂબામાં તૂટેલી પાંગતવાળી ખાટ પર કે ફાટેલ તૂટેલ ગોદડી પર બેસીને અને અડદનાં ઢેબરાં જમીને આદિવાસીઓના જીવન ઉત્કર્ષ માટે પોતાની જાતને પાયામાં ધરબી દીધી. (૪) આજે ગુજરાતમાં મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતના આદિવાસી પ્રદેશોના વનવાસીઓના કલુષિત જીવનને પ્રમુખસ્વામી મહારાજ દ્વારા ધોવાઈને સત્સંગ, સદાચાર, શ્રદ્ધા અને ભક્તિમાં પરિણમ્યાં છે. (પ્રસંગો) (૫) અનેક દેવદેવીઓની માન્યતાઓમાંથી બહાર નીકળી ભગવાન અને સંત પર અચળ શ્રધ્ધા - રોગચાળો ફેલાય તેમજ ગમે તેવી આપત્તિમાં માનતા કરતા પણ હવે સત્સંગના રંગે રંગાઈ ગયા છે. વહેમ, વ્યસનની સંપૂર્ણ નાબૂદી થઈ છે. કુરિવાજો અને ખોટી માન્યતાઓને તિલાંજલિ - અમુક કુરિવાજ કે માન્યતાને માટે બાળકની ટુકડી તૈયાર કરતા પણ અચકાય નહિ એવા - આદિવાસી બંધુઓ ચુસ્ત સત્સંગી બન્યા છે. (પ્રસંગો) (૬) દારૂના વ્યસનમાંથી મુક્તિ - લાખો રૂપિયા દર વરસે આ બદીઓમાં જતા હવે આ રૂપિયા સત્સંગમાં વપરાય છે. વ્યસનો દૂર થવાથી જીવન ઉજજવળ - સાથે સાથે પૈસે ટકે સુખી - (પ્રસંગો) (૭) પ્રામાણિકતા  એક લાખ રૂપિયાનું મળેલ બંડલ બાળમંડળનો બાળક બેંક મેનેજરને સુપરત કરે એવા ઊડીને આંખે વળગે તેવી પ્રામાણિકતા - નિયમધર્મની દૃઢતા - સત્સંગ પ્રસાર અને પ્રચાર માટે સમર્પણ - શૈક્ષણિક ઉત્કર્ષ - લૂંટફાટ છોડી નીતિમય જીવન - પ્રસંગો લખવા. (૮) આમ, સ્વામીશ્રીના અથાગ પરિશ્રમથી આદિવાસીઓના જીવન ઉર્ધ્વગામી બન્યા છે અને શુદ્ધ પવિત્ર થયેલ હૃદયોમાં સ્વામીશ્રીને ભગવાન દેખાય છે. - સ્વામીશ્રીએ પાયામાં રહીને આદીવાસીઓનાં જીવનનો ઉત્કર્ષ સુપેરે કર્યો છે. - ઉપસંહાર.

❑ ❑ ❑